# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 24-07-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ રજૂ કરતા નવું કર માળખું જાહેર કર્યું, યુવાનો, મહિલાઓ તેમજ ઉદ્યોગો માટે શ્રેણીબદ્ધ પગલાંઓની જાહેરાત.
- ✓ સર્વોચ્ચ અદાલતે નીટ- યુજી 2024 પરીક્ષાનું પ્રશ્નપત્ર ફૂટી જવાના અને ગેરરીતીઓના આધારે પરીક્ષા રદ કરવાનો ઇન્કાર કર્યો.
- ✓ ઇથિયોપિયામાં સતત ભૂસ્ખલનની બે ઘટનાઓમાં મૃતકાંક વધીને 229 થયો, હજી પણ કેટલાક દટાયેલા લોકોની શોધખોળ ચાલુ છે.
- ✓ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી.
- ✓ અને મહિલા એશિયા કપ ક્રિકેટમાં, ભારતે નેપાળને 82 રને હરાવી સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું.

## ***BUDGET***

**કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે નાણાકીય વર્ષ 2024-25નું બજેટ રજૂ કર્યું હતું. લોકસભામાં બજેટ રજૂ કરતા સુશ્રી સીતારમણે કૃષિ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ એકમો- એમએસએમઇ એકમો, ઉત્પાદન અને માળખાકીય ક્ષેત્રો પર ભાર મૂકતાં શ્રેણીબધ્ધ પગલાં જાહેર કર્યા હતા. પગારદાર કર્મચારીઓને સ્ટાન્ડર્ડ ડિડક્શનમાં વધારો અને નવી કર પ્રણાલિ હેઠળ કર માળખામાં ફેરફાર દ્વારા મોટી રાહત આપવામાં આવી છે.**

એનડીએ સરકારની ત્રીજી મુદતનું પ્રથમ બજેટ રજૂ કરતા નાણા મંત્રીએ જણાવ્યું કે, વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરવા કુલ નવ પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે, જેમાં ખેતીની ઉત્પાદકતા વધારવા, યુવાનોમાં રોજગારી અને કાર્યકુશળતા વધારવા, માનવ સંસાધન વિકાસ, સામાજિક ન્યાય, શહેરી વિકાસ, ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં સુધારો, ઊર્જા સલામતી, સંશોધન અને વિકાસનો સમાવેશ થાય છે.

નાણા મંત્રીએ  વ્યક્તિગત કરદાતાઓને રાહત આપી છે. નવી કર વ્યવસ્થા હેઠળ પગારદાર કર્મચારીઓ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શન 50 હજાર રૂપિયાથી વધારીને 75 હજાર રૂપિયા કરવામાં આવ્યું છે.

સરકારે નવી કર વ્યવસ્થા હેઠળ કર માળખામાં ફેરફાર કર્યો છે. ત્રણ લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ કર નહીં લાગે. ત્રણ લાખથી સાત લાખ રૂપિયા સુધીની આવક પર પાંચ ટકા, સાત લાખથી 10 લાખ રુપિયા સુધીની આવક પર 10 ટકા અને 10 લાખથી 12 લાખ રૂપિયા સુધીની આવક પર 15 ટકા વેરો લાગશે.

પ્રથમ નોકરી કરનાર કર્મચારી માટે નવી સ્કીમ જાહેર કરવામાં આવી છે, જેમાં સરકાર એક લાખ રૂપિયા સુધીની માસિક આવક ધરાવનાર વ્યક્તિ કર્મચારી ભવિષ્ય નિધીમાં નોંધણી કરાવશે તો તેને ત્રણ હપ્તામાં રૂપિયા 15 હજાર ચૂકવવામાં આવશે.

દેશની પાંચ સો કંપનીઓમાં પાંચ કરોડ યુવાનોને ઇન્ટર્નશીપ પર રાખવામા આવશે, જેમાં પાંચ હજાર રૂપિયા ભથ્થુ અને છ હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે. પગારદાર કરદાતાઓને રાહતમાં સ્ટાન્ડર્ડ ડિડક્શન પચાસ હજાર રૂપિયાથી વધારીને 75 હજાર રૂપિયા કરવામાં આવ્યું છે.

ફેમિલી પેન્શનર્સ માટેનું સ્ટાન્ડર્ડ ડિડક્શન પણ 15 હજાર રૂપિયાથી વધારીને 25 હજાર કરવામાં આવ્યું છે. નવી કર પ્રણાલિ માટે કર માળખું સુધારવામાં આવ્યું છે, જેમાં રૂપિયા ત્રણ લાખ સુધીની આવક પર કોઈ વેરો નહીં લાગે. આગામી બે વર્ષમાં એક કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ

વાળવામાં આવશે. સોના અને ચાંદી પરની કસ્ટમ્સ ડ્યુટી ઘટાડીને છ ટકા અને પ્લેટિનમ પરની ડ્યુટી 6.4 ટકા કરવામાં આવી છે.

પીએમ આવાસ યોજના 2.0 હેઠળ એક કરોડ શહેરી ગરીબ અને મધ્યમવર્ગનાં પરિવારો માટે આવાસ બનાવવા 10 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્રપ્રદેશને આવરીને પૂર્વનાં રાજ્યોનાં સર્વાંગી વિકાસ માટે પૂર્વોદયા યોજના ઘડવામાં આવી છે.

બજેટમાં સુક્ષ્મ, નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમો-એમએસએમઇ અને ઉત્પાદન પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. મુદ્રા લોનની મર્યાદા 10 લાખ રૂપિયાથી વધારીને 20 લાખ રૂપિયા કરવામા આવી છે. ખેડૂતો માટેની સહાય જાહેર કરતા સુશ્રી સીતારમણે જણાવ્યું કે, જમીન નોંધણીમાં છ કરોડ ખેડૂતોની માહિતી આપવામાં આવશે અને પાંચ રાજ્યોમાં નવા કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવશે.

.................

## *EVE.-PM--BUDGET-REAX.*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બજેટને આવકારતાં જણાવ્યું હતું કે, આ અંદાજપત્ર સમાવેશી વિકાસ, સમાજના દરેક વર્ગને લાભકારી નીવડશે અને વિકસિત ભારતનો માર્ગ પ્રશસ્ત કરશે. રાષ્ટ્રને વિકાસની નવી ઉંચાઇએ લઇ જનારા અંદાજપત્ર માટે પ્રધાનમંત્રીએ તમામ નાગરિકોને અભિનંદન આપ્યા છે.

.................

## *SC-NEET*

સર્વોચ્ચ અદાલતે પૂર્વ સ્નાતક પ્રવેશ પરીક્ષા- નીટ યુજી 2024 પરીક્ષા પ્રશ્નપત્ર ફૂટી જવાના અને ગેરરીતીઓના આધારે રદ કરવાનો ઇન્કાર કર્યો છે.

મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની બનેલી ખંડપીઠે આ ચૂકાદો આપ્યો.

અદાલતે કહ્યું હતું કે, સમગ્ર પરીક્ષાની વિશ્વસનિયતાને અસર કરતાં હોય તે રીતે પેપર ફૂટ્યું હોય તેવા કોઇ નિર્દોષ કે પૂરાવા મળ્યા નથી. સમગ્ર પરીક્ષા ફરી લેવાના આદેશથી 23 લાખ જેટલા વિદ્યાર્થીઓ પર ગંભીર અસરો થશે અને શૈક્ષણિક સત્રનું સમયપત્ર ખોરવાશે. પરિણામે આગામી વર્ષોના શિક્ષણ ઉપર પણ બહુગામી અસર પડશે. તેથી સમગ્ર પરીક્ષા રદ કરી શકાય નહીં.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## *PRADHAN NEET*

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને NEET -યૂજી પરીક્ષાના પેપર લીક મામલે સર્વોચ્ચ અદાલતના ચુકાદાને આવકાર્યો છે.

શ્રી પ્રધાને પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, કેન્દ્ર સરકાર પારદર્શક, કૌભાંડ મુક્ત અને ખામી રહિત પરીક્ષા પ્રણાલી માટે પ્રતિબદ્ધ છે. તેમણે ઉમેર્યું સરકાર એનટીએને ખામી રહિત સંસ્થા બનાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જેઓ NEET કૌભાંડમાં સંડોવાયેલા છે તેમને બક્ષવામાં આવશે નહીં.

તેમણે ઉમેર્યું હતું કે NTA ના સંપૂર્ણ સુધારા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે અને સમિતિએ નિષ્ણાતોના અભિપ્રાયો એકત્રિત કર્યા છે, આ દિશામાં વિવિધ માળખાઓનો અભ્યાસ કરાયો છે.

શિક્ષણ મંત્રીએ કોંગ્રેસની ટીકા કરતા આરોપ મૂક્યો કે, રાહુલ ગાંધી પરીક્ષા વ્યવસ્થા મામલે દેશના લોકોને ભ્રમિત કરી રહ્યા છે. તેમણે શ્રી ગાંધી

પર NEET મુદ્દે અશાંતિ અને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરતા હોવાનો આરોપ મૂકતા માફી માગવા કહ્યું હતું.

.................

## *ETHIOPIA-LANDSLIDE_UPDATE*

પૂર્વ આફ્રિકન દેશ ઇથિયોપિયામાં ભૂસ્ખનની મૃતકઆંક વધીને 229 થયો છે. હજી પણ કેટલાક લોકોની શોધખોળ ચાલી રહી છે, જેથી મૃત્યુઆંક વધવાની શક્યતા છે. સત્તાવાર પ્રસાર માધ્યમોએ જણાવ્યું કે, ઇથિયોપિયાના દક્ષિણી જીલ્લા ગેઝે ગોફા જીલ્લામાં રવિવારે રાત્રે ભૂસ્ખલનમાં થતાં કેટલાક લોકો દટાઈ ગયા હતા. જે બાદ સોમવારે તેમને બચાવવા ગયેલા લોકો વધુ એક ભેખડ ધસી પડતા દટાઈ ગયા હતા. મૃતકોમાં 148 પુરુષો અને 81 મહિલાઓ સામેલ છે.

પ્રધાનમંત્રી અબી અહેમદે દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કર્યું હતું. હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી હોવાથી અનરાધાર વધવાથી ઇથિયોપિયાના કેટલાક ભાગોમાં વારંવાર ભેખડો ધસી પડવાની ઘટનાઓ બનતી રહે છે.

.................

## *IMD WEATHER*

હવામાન વિભાગે ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં આગામી બે દિવસમાં ભારે વરસાદની આગાહી કરી છે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને લઈને બે દિવસ રેડ અલર્ટ જાહેર કરાયું છે. આ તરફ ગોવા અને મહારાષ્ટ્રમાં પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

પૂર્વોત્તર ભારતના વાત કરીએ તો આ રાજ્યોમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. જ્યારે કે ઉત્તર ભારતમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પંજાબ તેમજ પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં આગામી પાંચ દિવસમાં છૂટો છવાયો વરસાદ વરસી શકે છે.

.................

## *UK FOREIGN SECRETARY*

બ્રિટનના વિદેશ સચિવ ડેવિડ લેમી આજે દિલ્હી પહોંચી રહ્યા છે. દિલ્હી મુલાકાત દરમિયાન તેઓ વ્યૂહાત્મક ભાગીદારી અને ભારત-બ્રિટન મુક્ત વ્યાપાર કરાર (FTA)ને મજબૂત કરવા અંગેની વાટાઘાટોમાં ભાગ લેશે.

બ્રિટનમાં કીર સ્ટાર્મરના વડપણમાં રચાયેલી લેબર પાર્ટીની સરકારની રચના બાદ લંડનથી ઉચ્ચસ્તરીય પ્રતનિધિ મંડળની આ પ્રથમ ભારત મુલાકાત છે.

સચિવ લેમી આજે સાંજે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરશે. તેઓ વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે પણ ચર્ચા કરશે. દરમિયાન તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરે તેવી શક્યતા છે.

.................

## *US SECRET SERVICE*

અમેરિકાના ગુપ્ત સેવાના અધ્યક્ષ કિમ્બર્લી ચીટલે રાજીનામું આપી દીધું છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર પેન્સિલવેનિયાની સભામાં થયેલા હુમલા સંદર્ભે સુરક્ષા  ખામીઓની તપાસનો સામનો કરતા તેમણે રાજીનામું આપ્યું છે. કિમ્બર્લી ચીટલે ઇમેલ દ્વારા તેમના સ્ટાફને આ વિશે જાણ કરી હતી. ગઈકાલે સંસદીય ગૃહની દેખરેખ સમિતિની સુનાવણીમાં તેમની જુબાનીથી અસંતોષને પગલે તેમની ઉપર રાજીનામું આપવાનું દબાણ વધતા આ પગલું લીધું હોવાનું મનાઈ રહ્યું છે.

.................

## *INDIA ASIA CUP*

મહિલા એશિયા કપ ક્રિકેટમાં, ભારતે શ્રીલંકાના દામ્બુલા ખાતેની તેમની અંતિમ ગ્રૂપ મેચમાં નેપાળ સામે 82 રને વિજયી થતા સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું છે.

179 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી નેપાળની ટીમ 20 ઓવરમાં માત્ર 96 રન જ બનાવી શકી હતી. ભારત તરફથી દીપ્તિ શર્માએ ત્રણ, જ્યારે રાધા યાદવ અને અરુંધતી રેડ્ડીએ બે-બે વિકેટ ઝડપી હતી.

આ પૂર્વે ભારતીય ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કરતા, ઓપનર શફાલી વર્માએ 48 બોલમાં 81 અને દયાલન હેમલથાએ 47 રન સાથે મળીને પ્રથમ વિકેટ માટે 122 રનની ભાગીદારી નોંધાવી હતી. ભારતે કુલ 178 રન બનાવ્યા હતા. શફાલી વર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

ગ્રુપ Aમાંથી ભારત અને પાકિસ્તાન સેમિફાઇનલ માટે ક્વોલિફાય થયા છે. જ્યારે નેપાળ અને UAEની ટીમ બહાર થઈ ગઈ છે.

.................